# અબ્રાહમ

— યશવન્ત મહેતા

ઓગણીસમી સદીની શરૂઆતનું એક વરસ.

અમેરિકાનું ન્યૂ ઑર્લીઅન્સ શહેર. આ શહેર એક બંદર પણ હતું. વેપારનું મોટું કેન્દ્ર પણ હતું અને ત્યાં સૌથી મોટો વેપાર ગુલામોનો ચાલતો.

જેમ વાઘ–ચિત્તા અને શિયાળ પકડનારા શિકારીઓ હોય છે તેમ એ વેળા માનવીના શિકારીઓ પણ હતા. એ લોકો આફ્રિકાનાં વનોમાં જતાં. ત્યાંના ભોળાં લોકોને બાંધી લેતા. પછી સાંકળે બાંધીને જહાજમાં ચડાવતા. અમેરિકા જેવા દેશોમાં એ વખતે ગુલામોની ઘણી માગ રહેતી.

તમે કદી ઢોરબજાર જોયું છે ? અથવા તમારા ગામના પાદરમાં બળદોની લે–વેચ થતી જોઈ છે ? બળદ ખરીદનાર એની કેવી પરીક્ષાઓ કરે છે એનો તમને ખ્યાલ છે ? એના દાંત જુએ, શિંગડાં ટપારે, ખરીઓ ઊંચી કરીને તપાસે, અંતે ગાડે જોડીને બળદોને દોડાવે.

ન્યૂ ઑર્લીઅન્સના ગુલામબજારમાં પણ આમ જ ચાલતું.

આ બજારમાં એક વાર ત્રણ નવજુવાનો આવ્યા. ત્રણે જણા કેન્ટુકી રાજ્યના એક ગામડામાંથી આવતા હતા. નદી ઉપર ફરતી હોડીના ખલાસી મજૂરો તરીકે આવેલા. ન્યૂ ઑર્લીઅન્સ જેવું શહેર એમણે પહેલી જ વાર જોયેલું.

એ શહેરમાં ફરતાં ફરતાં તેઓ ગુલામબજારમાં જઈ ચડયા. અહીં એ વેળા એક હબશી છોકરીનું લીલામ ચાલતું હતું. લીલામ કરનાર એક જાડો તગડો ગોરો ઊંચા ઓટલા ઉપર ઊભો હતો. એના હાથમાં સાંકળ હતી. સાંકળનો બીજો છેડો પેલી હબસી છોકરીને ગળે બાંધ્યો હતો. છોકરી અઢારેક વરસની હતી. એને વસ્ત્રોમાં ફક્ત કમર ઉપર એક પાતળું લૂગડું વીંટાળવા અપાયું હતું. બાકીનું બધું શરીર ઉઘાડું !

ઓટલા નીચે ગુલામોના ‘ગ્રાહકો’ ઊભા હતા. તેઓ આ છોકરીને ચૂંટીઓ ખણતા હતા, એને ધક્કા મારી જોતા હતા. ઓટલા ઉપર ચડીને એની આંખ, કાન, દાંત, જીભ તપાસતા હતા અને એને આમતેમ ચલાવી જોતા હતા કે જેથી ખબર પડે કે એના હાથપગ તો સાજા છે ને !

પેલા કિશોરોએ આવું કદી જોયેલું નહિ. એમના ગામડામાં તો માનવી માનવી હતા, ઘોડાગધેડાની જેમ કાંઈ કોઈ માનવીનું વેચાણ થઈ શકે નહિ. અહીં એક નવજવાન છોકરીની આવી

ભયંકર હાલત જોઈને એમનાં હૃદય દ્રવી ગયાં. ત્રણમાં જે સૌથી ઊંચો અને પાતળો અને વિચારશીલ જણાતો કિશોર હતો એ તો અંગેઅંગ ધ્રૂજી જ ગયો અને આ અમાનુષી ક્રૂરતા જોઈને એકદમ પોતાના સાથીઓને કહેવા લાગ્યો :

'ભગવાનના સમ, ભાઈઓ ! મારાથી આ નીચતા નથી જોવાતી. આપણે અહીંથી ચાલો ! જો કદી મને જરાક શક્તિ પ્રાપ્ત થશે તો આ ગુલામીના અનિષ્ટ ઉપર જ પહેલો ઘા કરીશ : હા, મરણતોલ ઘા !'

કોણ હતો આ કિશોર ?

એણે ગુલામી ઉપર મરણતોલ ઘા કર્યો ખરો ? અને એમાં એ સફળ થયો ખરો ?

જવાબ છે : હા, એણે અમેરિકામાંથી ગુલામી તદ્દન નાબૂદ કરી નાખી. એ અમેરિકાના ગુલામોનો 'તારણહાર' બન્યો, એટલું જ નહિ, એની માનવતા માટે ને દૂરદર્શિતા માટે અને એની અડગ સિદ્ધાંતનિષ્ઠા માટે એ દુનિયાના અમર પુરુષોમાં સ્થાન પામી ગયો. એણે લોકશાહી માટે નવો ખ્યાલ આપ્યો : 'લોકશાહી એટલે પ્રજા માટે પ્રજા વડે ચાલતું પ્રજાનું પોતાનું રાજ.'

તમે કદાચ આ કિશોરને હવે તો ઓળખી જ ગયાં હશો.

એનું નામ અબ્રાહમ લિંકન.

અમેરિકા દેશના એ સોળમા પ્રમુખ હતા.

લિંકનનો જન્મ ૧૨મી ફેબ્રુઆરી, ૧૮૦૯ના દિવસે કેન્ટુકી રાજ્યના વગડાઉ વિસ્તાર લારૂ કાઉન્ટીના હોજનવિલે નામના ગામ નજીક એક ખેતરની ઓરડીમાં થયો હતો. એમના પિતાનું નામ થોમસ અને માતાનું નામ નાન્સી હતું. માતા એને નવ વરસનો જ મૂકીને અવસાન પામી હતી, જે પછી પિતાએ બીજું લગ્ન કરેલું. આ નવી માતાનું નામ સારાહ હતું અને એ ખૂબ જ ભલાં અને ગુણિયલ બાઈ હતાં.

લિંકનનું બાળપણ ખૂબ જ ગરીબીમાં વીત્યું. પિતા થોમસ કદી એક વરસથી વધારે વખત એક ઠેકાણે રહી શકતા નહિ. હંમેશાં અહીંથી તહીં ફર્યા કરતા. એ કદી સારી કમાણી પણ કરી શકતા નહિ. કુટુંબને વસ્ત્રો અને ખોરાક પણ માંડ મળતાં.

આવી ભાગદોડમાં અને ગરીબીમાં છોકરાંઓને ભણવાનું તો મળે જ ક્યાંથી ? લિંકન ક્યાંક અઠવાડિયું, ક્યાંક મહિનો, ક્યાંક બે મહિના જેટલું ભણી શક્યા હશે. પંદર વરસની ઉંમરમાં એમણે

કુલ બાર મહિના જેટલો અભ્યાસ તો માંડ કરેલો ! અને આ ભણતરમાંય શું હતું ? એ ફક્ત લખતાં, વાંચતાં અને દાખલા ગણતાં શીખેલા.

પોતાના આ વેદનામય અને દુઃખભર્યા બાળપણ માટે ખુદ લિંકને પાછળથી કહેલું : 'અરે ભાઈ, મારા બાળપણ કે શરૂઆતના જીવનમાં કશું આકર્ષક અગર નોંધપાત્ર તત્ત્વ શોધવાની કોશિશ કરવી એ મોટી મૂર્ખતા ગણાશે ! મારું બાળપણ ફક્ત એક જ વાક્યમાં સમાવી શકાય તેમ છે અને એ છે કવિ થોમસ ગ્રેના કાવ્યની એક પંક્તિ : 'ગરીબની ટૂંકી અને સાદી તવારીખ !' બસ, આવી જ હતી મારી શરૂઆતની જિંદગી. એમાંથી તમને શું જડશે ?'


અને છતાં આપણે સૌ લિંકનની આ શરૂઆતની જિંદગીમાં 'કશુંક' શોધવા કોશિશ કરીએ છીએ. કારણ કે આ બાળપણના સંસ્કારોને આધારે જ એ આગળ વધીને એક મોટા રાષ્ટ્રના પ્રમુખ તેમજ એક મહાન માનવી બન્યા હતા.

અને લિંકનમાં છેક શરૂઆતથી જોવા મળેલા વિશિષ્ટ ગુણો અને સંસ્કારોમાં એક તો દયા અને માનવતાના સંસ્કાર હતા. એનો એક પ્રસંગ આપણે આગળ જોઈ ગયાં.

નાનપણથી જ લિંકનમાં જીવદયાની લાગણી કેટલી જોરદાર હતી એનો એક બીજો પ્રસંગ જાણવા મળ્યો છે.

લિંકન જે વગડાઉ પ્રદેશમાં રહેતા હતા. ત્યાં છોકરાં રમકડાં તરીકે બંદૂક જ વાપરતાં એમ કહેવાતું. કારણ કે, શિકાર હજુ ભોજનનો એક આધાર હતો. ઉપરાંત જંગલી જાનવરો, જંગલી માણસો અને માથાભારે માણસોનો ત્રાસ પણ ખૂબ રહેતો. લિંકન પણ છેક નાની ઉંમરે બંદૂક વાપરતાં શીખી ગયેલા. પોતે આઠ વરસના હતા ત્યારે તુર્કી નામના એક પંખીને મારેલું. એ પંખીનો તરફડાટ જોઈને એમનું હૃદય એટલું કંપી ઊઠ્યું કે ત્યાં ને ત્યાં જ એમણે કદી બંદૂક ન વાપરવાની પ્રતિજ્ઞા કરી. આ પ્રતિજ્ઞા એમણે જીવનભર નિભાવી હતી !

બીજા છોકરાઓ ગરોળી, દેડકા, કાચબા જેવા જીવોને હેરાન કરતા કે મારતા ત્યારે લિંકન એમને વારવા કોશિશ કરતા. એને પરિણામે છોકરાઓ સાથે એમને લડાઈ પણ થઈ જતી !



લિંકનનો બીજો એક ગુણ વિચારશીલતાનો હતો. એમણે પચીસેક વરસની ઉંમર સુધીમાં ફક્ત છ પુસ્તકો વાંચ્યાં હતાં : બાઈબલ, ઈસપની નીતિકથાઓ, રોબિન્સન ક્રુઝોની સાહસકથા, બન્યાનનું પિલગ્રીમ્સ પ્રોગ્રેસ, યુનાઈટેડ સ્ટેટ્સનો ઇતિહાસ અને વોશિંગ્ટનનું જીવનચરિત્ર. ફક્ત આટલાં જ પુસ્તકો એમને હાથવગાં હોવાથી તેઓ આ પુસ્તકો વારંવાર વાંચતા અને એમનો સાર ગ્રહણ કરતા. સતત વાંચતા અને વિચારતા.

પચીસેકની ઉંમરે એમને 'ઈન્ડિયાના રાજ્યના કાયદા' નામનું પુસ્તક મળી ગયું. અને પોતે કાયદાનું આ લૂખુંસૂકું પુસ્તક પણ ધ્યાનથી વાંચવા લાગ્યા. એક વાર તેઓ એક ખેતર ઉપર મજૂર તરીકે નોકરી કરતા હતા ત્યાંની વાત છે. બપોરના રોંઢા ટાણે લૂખી બ્રેડ ચાવતાં ચાવતાં એમણે કાયદાનું આ પુસ્તક વાંચવા માંડયું. એક મજૂર જુવાનને આમ વાચનમાં મશગૂલ જોઈને એમના શેઠે પૂછ્યું, 'એય આળસુના પીર ! આ શું વાંચે છે ?'

લિંકને જવાબ આપ્યો, 'હું વાંચતો નથી, અભ્યાસ કરું છું.'

શેઠ કહે, 'એમ કે ? શેનો અભ્યાસ કરે છે ?'

લિંકને ગંભીર અવાજે કહ્યું, 'કાયદાનો.'

આમ, 'વાંચવા'ને બદલે લિંકન 'અભ્યાસ' કરતા. આજનાં દરેક કિશોર કિશોરીએ લિંકનનો આ જવાબ યાદ રાખવા જેવો છે. આજે તો અનેક છાપાં અને પુસ્તકો આપણાં ગામડાંનાં બાળકોને પણ મળે છે. પરંતુ આપણે એ બધાં પુસ્તકો ફક્ત 'વાંચી' જઈએ છીએ. ખરી રીતે આપણે એમનો 'અભ્યાસ' કરવો જોઈએ.

તો આ છે લિંકનના બાળપણની કેટલીક વાતો. આટલા બધા ગરીબ ઘરમાં જન્મેલો છોકરો કયા ગુણોને બળે મહાન વિશ્વમાનવ બની ગયો એ હવે તમને સમજાઈ ગયું હશે.

■